❀ પ્રકાશક અને પ્રાપ્તી સ્થાન ❀

પ્રકાશક:—

વિશ્વ શાન્તિ ચાહક

અધ્યાત્મિક જ્ઞાન પ્રકાશન ટ્રસ્ટ વતી

કુમારી રંજનદેવી શે. શ્રોફ

મહેતા બીલ્ડીંગ, બીજે માળે

૧૨મો રસ્તો, મંનુપાર્કનીસામે,

ખાર મુંબઈ—૫૨.

પ્રાપ્તી સ્થાન:—

સૌ. આરતીબેન મધુસૂદન ડી. વોરા

[illegible]

[illegible] રોડ, [illegible],

[illegible] મોરબી. જિ [illegible]

([illegible])

[illegible] ૧૯[illegible]

([illegible])

વિનમ્ર નિવેદન

આ પરમાત્મ પ્રકાશ નામનો ગ્રન્થ જેના મુળ કર્તા મુની યોગીન્દ્રદેવ છે, જેમણે પોતાના પ્રિય શિષ્ય પ્રભાકરભટ્ટને ઉદ્દેશીને આત્મપ્રબોધનાર્થે આ ગ્રન્થની રચના કરેલ છે જેનો લાભ ભવ્ય જીવોને મળતો રહ્યો છે આ પરમાત્મ પ્રકાશની હિન્દી નાની પુસ્તિકા જે, ગુરૂકુલ નયા શહેરમા છે, તેના તરફથી પ્રકાશીત થયેલ હતી, તે મારી પાસે હતી, ત્યાર બાદ હમણા, થોડા સમય પહેલા પરમાત્મ પ્રકાશનો મોટો ગ્રન્થ જે શ્રીમદ્ રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળા તરફથી પ્રકાશીત થયેલ છે, જેની અંદર પ્રાકૃત સંસ્કૃત, શ્લોક, ટીકા, હિન્દી અર્થ ભાવાર્થ વિવેચન, આદિ સહિત ઘણુ વિવરણ છે, તે ઘણો વિસ્તૃત ગ્રન્થ છે, તે મારા વાચવામા આવતા મારા એક અંતરંગ પ્રેરણા દિલમા થઇ કે, જો આને બાળજીવો સમજી શકે એવી રીતે સંક્ષેપમા, અને સરલ ગુજરાતી ભાષામા, વિવેચન કર્યુ હોય તો, સાધકોને, અધ્યાત્મ સાધન પથમા, માર્ગદર્શક થઇ ઘણુ ઉપયોગી થઇ શકે આ પ્રેરણાને અનુસરીને, આ મારી પાસે જે નાની પુસ્તિકા હતી, તેને લક્ષમા રાખીને, મુળ શ્લોકોનો અર્થ ગુજરાતી ભાષામા, સંક્ષેપમા સારરૂપ, આ કૃતિની રચના કરેલ છે તેમ કે સાહિત્યજ્ઞાનની ભાષાની દૃષ્ટિએ જોતા આ ગ્રન્થની ભાષામા ઉણપ જણાશે પરંતુ આ ગ્રન્થરત્ન અધ્યાત્મનો છે, માટે ભાષા [illegible]

[illegible]

લિ. શાંતિ સાધક

ચિદાનંદ શુદ્ધ સ્વભાવ પરમાત્મા સર્વ વિભાવોથી રહિત તથ વિતરાગ નિર્વિકલ્પ સમાધિના પ્રભાવથી નિજ સ્વભાવથી ઉત્પ થયેલ પરમાનંદ સુખામૃતથી સંતુષ્ટ છે, હૃદય જેનું એવા પરમાત્મ સંસારરૂપ જીવોના ચાર ગતિના દુઃખ નાશ કરવાવાળા છે, તથા તે પરમાત્મા નિજ સ્વરૂપમાં લીન મહા મુનિઓને મોક્ષ પદ આપ વાળા છે તથા તે જ પ્રભુ ધ્યાન કરવા યોગ્ય છે, તેવા તે પરમાત્મા સ્વરૂપ તમારા પ્રસાદથી હું સાંભળવા ઇચ્છુ છું, માટે કૃપા કરી ત તે કહો, આ પ્રકારે યોગીન્દ્રદેવને પ્રભાકરભટ્ટે વિનંતી કરી ॥૪॥

વારંવાર પંચ પરમેષ્ટિને નમસ્કાર કરી નિર્મલ ભાવોને મન ધારણ કરીને, હું તને ત્રણ પ્રકારના આત્માનું કથન (વર્ણન) કરૂં તે પ્રભાકરભટ્ટ તું નિશ્ચય પૂર્વક સાંભળ, ભવ્ય જીવોને પ્રભુએ પ્રકારે આત્માનું ત્રિવિધ સ્વરૂપ કહ્યુ છે, તે અનુસાર હું તને ક છું. મોક્ષનું મૂળ કારણ રત્નત્રય છે તે બે પ્રકારે છે વ્યવહાર ત નિશ્ચય તેમાં પોતાના સ્વરૂપનુ શ્રદ્ધાન જ્ઞાન તથા આચરણ જે નિશ્ચય રત્નત્રય કહેવાય છે. આનું બીજું નામ અભેદ પણ છે, ત દેવ ગુરૂ ધર્મની શ્રદ્ધા, નવતત્ત્વોની શ્રદ્ધા આગમોનું જ્ઞાન ત સંયમભાવ આ બધા વ્યવહાર રત્નત્રય છે, આનું નામ ભેદ ર ત્રય છે, આની અંદર ભેદ રત્નત્રય તો સાધન છે, તથા અભેદ રત્નત્ર સાધ્ય છે ॥૫॥

આગળ ત્રણ પ્રકારના આત્માને જાણી બહિરાત્મપણું ત્યા પરમાત્માનું ધ્યાન કર, હે પ્રભાકરભટ્ટ તું ત્રણ પ્રકારના આત્મા સ્વરૂપ જાણીને બહિરાત્મ ભાવને જલ્દી છોડીને, જે પરમાત

વિકલ્પો ત્યાગવા યોગ્ય છે, સંકલ્પ એટલે પર વસ્તુને પોતાન માનવા રૂપ મમત્વ ભાવ અને વિકલ્પ એટલે હું સુખી છું, દુઃખ છુ, હર્ષિત છું, શોકમય છું વગેરે ભાવે ॥૧૦॥

નિત્ય નિરંજન જ્ઞાનસ્વરૂપ પરમાનંદ સ્વભાવી શાન્ત તથા શિવસ્વરૂપ છે, એ પરમાત્માનું હે પ્રભાકરભટ્ટ તુ ધ્યાન કર ॥૧૧॥

જે પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ કોઇ દિવસ નથી ત્યાગતા તથા જે પરભાવોને કોઇ દિવસ ગ્રહણ નથી કરતા, તથાલોકાલોકનું સ્વરૂપ કેવલ જ્ઞાનદ્વારા નિત્ય જાણે છે, તેજ શિવ સ્વરૂપી છે ॥૧૨॥

જે પરમાત્મા સર્વ વર્ણ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શથી રહિત છે,જે પરમાત્મા જન્મ, જરા, મરણ, રહિત છે એવા ચિદાનંદસ્વરૂપી શુદ્ધાત્માને નિરંજનદેવ કહે છે. ॥૧૩॥

વળી તે પરમાત્મા કેવા છે જે પરમાત્મા ક્રોધ, મોહ, મદ, માન, માયા, આદિ કષાયોથી રહિત છે, ધ્યાનના સ્થાન નાભિ હૃદય વગેરે નથી ચિત્તને રોકવા રૂપ ધ્યાન નથી. એવા પરમાત્માનુ તુ ધ્યાન કર તેનો અનુભવ કર ॥૧૪॥

વળી તે પરમાત્મા કેવા છે જેને દ્રવ્ય, ભાવ રૂપ પુણ્ય તથા પાપ જેને નથી હર્ષ, વિષાદ રહિત છે, તથા જેને ક્ષુધા વગેરે દોષોમાંથી એક પણ દોષ નથી, તે જ શુદ્ધાત્મા નિરંજન છે, તેની જ તુ ભાવના કર, ચિંતન કર અને ધ્યાન કર. ॥૧૫॥

જે પરમાત્મા વેદથી, શાસ્ત્રોથી તેમજ મન ઇન્દ્રિયોથી જાણ્યો જ નથી, તે તો ધ્યાન દ્વારા ગમ્ય છે, એવુ જાણી અનાદિ અનન્ત શ્રી પરમાત્મામાં પોતાના પરિણામોને એકરૂપ કરો ॥૧૬

આ જગતમાં કોઈ એવું સ્થાન નથી કે જ્યાં જીવે જૈ ધર્મના અભાવમાં પરિભ્રમણ ન કર્યું હોય, અર્થાત્ સમ્યક્ ર પ્રાપ્ત ન કરવાથી સર્વ યોનિયોમાં જન્મ, જરા, મરણાદિ દુખો ભોગવી ચુકયો છે, એટલા માટે આત્મ તત્ત્વજ આરાધવા યોગ્ય છે ॥૫૩

આ આત્મા શુદ્ધ નિશ્ચય નયથી અનંત વીર્યને ધારણ કર વાળો છે, છતા શુભા શુભ કર્મ બંધનથી રહિત છે, તોપણ વ્યવહા નયથી અનાદિઅનંત સંસારમા નિજ સ્વરૂપ અર્થાત્ શુદ્ધાત્મ ભાવનાથી, વિમુખ જે મન, વચન, શરીર એ ત્રણેથી ઉપાર્જિ કર્મોથી ઉત્પન્ન થયેલ, પુણ્ય પાપ રૂપ બંધનથી બંધાએલો ચા ગતિમાં કર્મથી ભમે છે, માટે શુદ્ધાત્માથી વિપરીત એ કર્મો ત્યાગ યોગ્ય છે, અને શુદ્ધાત્મા જ આરાધવા યોગ્ય છે. ॥૫૪॥

શુદ્ધાત્માનો કેવલ જ્ઞાનાદિ સ્વભાવ જ છે, જડ રૂપ નથી, ઉપાધિ રૂપ પણ નથી, શુદ્ધાત્મા રૂપ જ છે, દ્રવ્ય કર્મ ભાવ કર્મ નોકર્મ પર રૂપ જ છે, સંસાર અવસ્થામાં આત્મા અશુદ્ધ કામ, ક્રોધાદિરૂ જણાય છે, છતા નિશ્ચયનયથી સ્વસ્વરૂપ જ છે, વિભાવ પરિણા પરના સંયોગથી છે, સ્વભાવ રૂપ નથી, જે વિભાવ પરિણામોથી રહિ શુદ્ધાત્મા છે, તે જ આરાધવા યોગ્ય છે, તેનુ ધ્યાન કરો, એ યોગીશ્વર કહે છે, ॥૫૫॥

હે યોગીન્ નિશ્ચયથી વિચારતા, આ આત્મા ન તો જન્મે ન મરણ પામે છે, તથા ન બંધ મોક્ષનો કર્તા છે પરમાર્થ દ્રષ્ટિ જ્ઞાન રૂપ જ આત્મા છે, એમ જિનેશ્વરદેવોએ કહ્યુ છે, ॥૫૬

હે આત્મારામ તારે જન્મ નથી જરા, મરણ, રોગ, ન લિંગ, વર્ણ, સંજ્ઞા તથા નામ આદિ કંઈ પણ તારે નથી. એ નિશ્ચયથી [illegible] ॥૫૭॥

આત્મ ભાવનાથી વિમુખ જે રાગ, દ્વેષ, મોહ, એનાથી ઉત્પન્ન થયેલ કર્મ અને કર્મથી ઉત્પન્ન થયેલ જન્મ જરા મરણાદિ વિકાર છે. તે સર્વ વ્યવહારનયથી જીવના છે, તોપણ નિશ્ચયથી જીવના નથી દેહ સંબંધી છે, એટલા માટે દેહાદિમાંથી મમત્વ ભાવને છોડી, સર્વ ચિંતા જાલથી રહિત થઇને શુદ્ધાત્માની ભાવના કર, તે જ શ્રેયનો માર્ગ છે, ॥૫૮॥

વ્યવહાર નયથી જીવના જ જન્મ મરણાદિ છે, તોપણ નિશ્ચય નયથી વિચારતા જીવના તે નથી, દેહના જ છે, એવું જાણીને તું મૃત્યુ વગેરેનો ભય ન કર, મનમાં એમ ચિંતવન કર કે, સિદ્ધ પરમાત્મા સમાન જ મારી આત્મા છે, સ્વ સ્વભાવમાં સ્થિર થા, પરમ સમાધિમા સ્થિર થઇ નિજાત્માનું ધ્યાન કર, તેની ભાવના કર, એજ પરમાર્થ છે. ॥૫૯॥

હે યોગીન્ આ શરીરનો નાશ થાય, ઘાત થાય, અગર કંઇ પણ થાય. તો પણ તું તારા મનમાં ભય ન પામીશ, અગર ખેદ ન કરીશ. તથા રાગદ્વેષાદિ વિકલ્પ રહિત થઇ પોતાના નિર્મલ આત્માનું જ ધ્યાન કર, તેનુ જ ચિંતન કર, ॥૬૦॥

હે જીવ રાગાદિક સર્વ વિકાર તથા શરીરાદિ અચેતન પદાર્થ સર્વ કર્મ જન્ય છે. નિશ્ચયથી જીવાત્માથી સર્વ ભિન્ન છે, તેજ આત્મા આરાધવા યોગ્ય છે. ॥૬૧॥

હે આત્મન્ આત્માથી ભિન્ન જે પર ભાવ જે વિભાવ છે, તેને છોડીને સર્વ ચિંતા જાળને છોડીને તું એક શુધ્ધાત્માનું જ ચિંતન કર. તેનીજ ભાવનામાં લીન થા. એજ પરમાર્થ છે ॥૬૨॥

હે યોગી જોયેલાં જાણેલાં અનુભવેલાં ભોગોની અભિલા રૂપ સર્વ વિભાવ પરિણામોને ત્યાગીને નિજાત્માનું ધ્યાન કર, તે ભાવના કર. ॥૬૩॥

આત્મ ધ્યાનમાં લીન થયેલ યોગી નિશ્ચયથી સમયગ્ દ્ર સમ્યક્ત્વરૂપ પરિણમ કરતા થકા દુષ્ટ આઠ કર્મોનો ક્ષય કરી શ મોક્ષને પ્રાપ્ત કરે છે ॥૬૪॥

શરીર આદિ પર્યાયમા લીન થયેલ જે અજ્ઞાની જીવ તેજ મિથ્યાદ્રષ્ટિ છે, એવો મિથ્યાદ્રષ્ટિ અનેક પ્રકારના કર્મોને બ છે અને જેથી સંસારમા ભ્રમણ કરે છે. ॥૬૫॥

તે જ્ઞાનાવરણીયાદિ કર્મ જ્ઞાનાદિ ગુણથી વિલક્ષણ જી ઉલટા પંથમાં લઈ જાય છે અર્થાત્ ઉન્માર્ગ ગામી કરે છે કર્મ કેવાં છે, બલવાન ભારી વજ્ર સમાન જેનો નાશ ક મુશ્કેલ છે એવા કર્મનુ કારણ રાગાદિ પરિણામને છોડી આ ચિંતન કર ॥૬૬॥

વસ્તુનુ સ્વરૂપતો જેવુ છે તેવુજ છે. તો પણ મિથ્ય દ્રષ્ટ વસ્તુ સ્વરૂપને વિપરીત જાણે છે, અને તે કારણે કર્મજ શરીરાદિને તથા સર્વ પર વસ્તુને તે પોતાની માને છે, અને તેથી સંસારમા પરિભ્રમણ કરે છે માટે તે ત્યાગવા યોગ્ય છે॥

હું સ્વરૂપવાન છું, હું કાળો છું અનેક વર્ણવાળો છું સૂક્ષ્મ શરીર વાળો છું હું સ્થૂલ શરીર વાળો છું, આવા પ્ર [illegible] મિથ્યા દ્રષ્ટિ જીવને તું મૂઢ જાણ ॥૬૮॥

તે મૂઢાત્મા વળી શું જાણે છે, હું બ્રાહ્મણ છું, ક્ષત્રી છું, વૈશ્ય છું, શુદ્ર છુ, સ્રી છું પુરૂષ છુ, નપુસક છુ, આવી માન્યતાથી તે કર્મોનો બંધ કરે છે, તે અજ્ઞાની શુદ્ધાત્મ ભાવનાથી રહિત મૂઢાત્મા છે ॥૬૯॥

તે મૂઢાત્મા વળી શું માને છે, માતા, પિતા, સ્રી, ઘર પુત્ર પરિવાર ધનની રાશી ધાન્ય નોકર, ચાકર, ગાય ભેસાદિ જે કર્મ જનિત છે, અસત્ય છે, તો પણ અજ્ઞાની જીવ તેને પોતાના માને છે. ॥૭૦॥

વળી મૂઢના લક્ષણ કહે છે, દુ:ખના કારણ રૂપ જે વિષયો છે, તેને સુખના કારણ માની તેમા રક્ત થાય છે, આસક્ત થઇને તે વિષયાભિલાષી જીવ વિષયોને કારણે સંસારમાં અનેક પાપકર્મને આચરે છે. પરંતુ તેમા સુખ નથી. એ સારાશ છે ॥૭૧॥

હે યોગી કાલાંતરમા જેમ જેમ મોહ ઘટે છે, ક્ષીણ થાય છે તેમ તેમ જીવ સમ્યક્ દર્શનને પ્રાપ્ત કરે છે ત્યારે તે નિશ્ચયથી પોતાના સ્વરૂપને જાણે છે. ॥૭૨॥

હવે ભેદ વિજ્ઞાનની ભાવના કહે છે, આ આત્મા નિશ્ચયથી કાળો ધોળો નથી, આત્મા લાલ નથી, આત્મા સૂક્ષ્મ નથી, સ્થુલ નથી પરંતુ આત્મા જ્ઞાનરૂપ છે. તે આત્મા જ્ઞાન દ્રષ્ટિથી અનુભવવા યોગ્ય છે, તે ધ્યાન ગમ્ય છે, એમ જ્ઞાની વિચારે છે ॥૭૩॥

આત્મા બ્રાહ્મણ. ક્ષત્રી, શુદ્ર પણ નથી. સ્રી રૂપ પુરૂષ રૂપ નથી. નપુંસક રૂપ પણ આત્મા નથી, જ્ઞાની જ્ઞાન દ્રષ્ટિથી સર્વને જાણે છે, આત્મા આ સર્વનો જ્ઞાતા જ છે દ્રષ્ટા જ છે એવું જ્ઞાની માને છે ॥૭૪॥

શુદ્ધ દ્રવ્યાર્થિક નય કરી જે અમૂર્તિક જ્ઞાયક સ્વભાવી વીતરા સદા આનંદરૂપ, અદ્વિતીય, અતીન્દ્રિય, સુખરૂપ, અમૃતરસ તૃ એવા નિજ સ્વભાવને છોડી, દ્રવ્યકર્મ ભાવકર્મ નોકર્મ તથ દેહાદિ રૂપ પરિગ્રહમાં મનને જવા ન દેવું એજ પુરૂષાર્થ આદરણી છે. ॥૯૮॥

છ દ્રવ્યોમાં પાચ જડ છે, એક જીવ દ્રવ્યજ ચૈતન્ય સ્વરૂ છે, તે જડ દ્રવ્યને પોતાથી ભિન્ન જાણો, તથા જીવો પણ અન છે, એને પણ પોતાથી જુદા જાણો, એક જ્ઞાન સ્વરૂપ આત્મા જ પોતાનો માનો, દ્રવ્યકર્મ ભાવકર્મ તથા નોકર્મ તેનો સમ્બ અનાદિનો છે, તો પણ તે જીવથી ભિન્ન જ છે, એટલે, તે પોતાના ન માનો પાચો જડ દ્રવ્યને હેય જાણી સ્વસ્વરૂપ આરાધના કરવી, તેનુજ ધ્યાન કરવુ ॥૯૯॥

નાના પ્રકારના વિકલ્પોનો ત્યાગરૂપ પવન તેનાથી પ્રજ્જ્વલિ થયેલ જે નિજ શુદ્ધાત્મ તત્ત્વના ધ્યાન રૂપ અગ્નિનો કણ (તણખે જેમ અગ્નિનો એક કણ કાષ્ટના (લાકડાના) સમુહને ભસ્મ ક નાખે છે, તેમ ધ્યાનરૂપી અગ્નિ સર્વ પાપોને ભસ્મ કરી દે અર્થાત જન્મજન્માન્તરમા એકત્ર કરેલા કર્મોને અર્ધ નિમેષ માત્ર નષ્ટ કરી નાખે છે, એવુ શુદ્ધાત્મ ધ્યાનનુ સામર્થ્ય છે, મા સદાને ધ્યાનનો આશ્રય કરવો ।૧૦૦।

હે મૂઢ (જીવ) દેખેલા, સાંભળેલા, તથા ભોગવેલા સં ભોગોની વાંછારૂપ ભોગ ધ્યાન આદિ સર્વ ચિંતાઓને છો નિશ્ચલ ભાવથી, પરમાત્મા સ્વરૂપમા સ્થિર થા તથા જે નિરંજ દેવ પરમ આત્મા જે પોતાનું શુદ્ધ આત્મ સ્વરૂપ છે, એનુ ધ્યાન કર ॥૧૦૧॥

જે કલ્યાણરૂપ જ્ઞાનસ્વભાવ પોતાનુ શુદ્ધ સ્વરૂપ છે, એનું ધ્યાન કરવાથી. જે અનુભવ થાય છે. તેનાથી જે સુખ અનુભવાય છે, તેવુ સુખ ત્રણ લોકમાં બીજે કયાંઇ નથી, તે સુખ કેમ પ્રાપ્ત થાય ત્રણ ગુપ્તી રૂપ પરમ સમાધિમા આરૂઢ થયેલ ધ્યાની પુરૂષજ એ સુખને પ્રાપ્ત કરી શકે છે. જે સુખ આત્મામાં છે, તેવુ સુખ સ્વર્ગાદિ દેવલોકમાં ઇન્દ્રાદિ દેવોને પણ હોતું નથી. ॥૧૦૨॥

બાહ્ય તથા અંતરંગ પરિગ્રહથી રહિત નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલ જે વીતરાગ પરમાનંદી મહામુનિ જે સુખનો ઉપભોગ કરે છે. એવુ સુખ સ્વર્ગાદિના દેવોને પણ હોતું નથી, વિશ્વમા વીતરાગી સાધુ જ સુખી છે, બીજા બધા જગત વાસી જીવો મહામોહરૂપી અગ્નિથી બળી રહ્યા છે, એમ જાણી આત્મ ધ્યાનનો અભ્યાસ કરો. ॥૧૦૩॥

મુનિ અવસ્થામા જિનેશ્વર દેવોને જે નિજ શુદ્ધાત્માનો અનુભવ થાય છે. તે અનુભવતા જે નિર્વિકલ્પ સુખને ભોગવે છે, તેવું જ સુખ નિર્વિકલ્પ સમાધિમા લીન વિરક્ત મુની ભોગવે છે ॥૧૦૪॥

જેમ વાદળોથી ઢંકાએલ સૂર્ય દેખી શકાતો નથી, અને વાદળો દૂર થવાથી સૂર્ય પોતાનો પ્રકાશ કરી શકે છે, તેવી જ રીતે વિકલ્પોના આવરણો દૂર થવાથી નિર્મલ મનમા કેવલ જ્ઞાનાદિ અનંત ગુણ કરી સહિત શુદ્ધાત્મારૂપી સૂર્ય પ્રકાશ કરે છે ॥૧૦૫॥

જેમ મલીન દર્પણમાં મુખ દેખાતું નથી. તેવી જ રીતે રાગાદિ વિકારોથી વિકારી બનેલ મનમાં, રાગાદિ રહિત આત્મા દેખાતો નથી, એમ હે પ્રભાકરભટ્ટ તું નિઃસંદેહ જાણ. ॥૧૦૬॥

જે પુરૂષના હ્રદયમાં મૃગના સમાન નેત્રવાળી સ્ત્રી વસેલી છે, તેના ચિત્તમાં શુદ્ધાત્મા રહી શકતો નથી, અર્થાત્ તેવા ચિત્તમા આત્મ વિચારણા થઇ શકતી નથી, જેવી રીતે એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી, તેવી જ રીતે એક જ મનમાં આત્મવિદ્યા અને વિષયવિકાર આ બન્ને સાથે રહી શકે નહિ, જ્યાં આત્મવિચારણા છે, ત્યાં વિષયવિકાર હોતા નથી, અને જ્યાં વિષયવિકાર રહે છે ત્યાં આત્મ વિચાર રહી શકે નહિ ॥૧૦૭॥

જ્ઞાનીઓના રાગાદિ વિકલ્પ રહિત નિર્મલ મનમા અનાદિ દેવ આરાધવા યોગ્ય શુદ્ધાત્મા નિવાસ કરે છે, જેમ માન સરોવરમાં હંસ વસે છે, એમ યોગીન્દ્રદેવ કહે છે. ॥૧૦૮॥

આત્મદેવ દેવાલય(મંદિરમાં)માં નથી, પ્રતિમામાં પણ નથી, ચિત્રી મૂર્તિમાં પણ દેવ નથી, તે કોઇ દેવ બાહ્ય જગ્યાએ નથી રહેતો તે દેવ અવિનાશી છે, નિરંજન છે, કેવલ જ્ઞાન કરીને પૂર્ણ છે શિવરૂપ છે, એવા પરમાત્મા સમભાવમાં પરિણમતા જ્ઞાની મુનિયોના મનમાં બિરાજે છે. ॥૧૦૯॥

જ્યા સુધી મન પ્રભુને મળ્યું ન હતું ત્યાં સુધી પ્રભુની પૂજા થતી હતી, પણ જ્યારે મન પ્રભુમાં એકરૂપ થઇ સમરસ ભાવને પ્રાપ્ત થયું તો પૂજા કોન કરે, અથવા પૂજાનું શુ પ્રયોજન હવે. ॥૧૧૦

જે મહાભાગ વિષય કષાયોમાં રમણ કરતા મનને રોકીને, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મામાં તેને જોડે છે, તે ધ્યાન કરે છે, તે જ મોક્ષને પ્રાપ્ત કરે છે, પરંતુ જે કોઈ મંત્ર તંત્રાદિ વિદ્યામા કુશળ હોય છતાં પણ તે મોક્ષને પ્રાપ્ત કરી શકતો નથી. ॥૧૧૧॥

વીતરાગી મુનિ આત્મભાવ સિવાય સવ પર દ્રવ્યનો સંબંધ ત્યાગી દિયે છે, કારણ કે તે પરમાત્માના ધ્યાનમાં વિઘ્ન કરનાર છે, તથા રાગી દ્વેષી પુરૂષોનો સંગ પણ ત્યાગે છે ॥૧૧૨॥

હે જીવાત્મા આત્માના નિજગુણ રૂપ સમભાવથી ભિન્ન જે રાગાદિ ભાવો છે, તેનો સંગ તું ન કર કેમકે તેના સંગથી તું ચિંતા રૂપી શમુદ્રમાં ગોથા ખાઈશ, અને મન ચિંતામાં ગ્રસ્ત થઈને રાતદિવાસ ચિતા રૂપી અગ્નિમાં બળશે માટે સર્વ ચિંતાઓને છોડી, એક આત્મ ભાવનામાં લીન થા. ॥ ૧૧૩ ॥

વિવેકી જીવોના ગુણો અવિવેકીની સંગતથી નાશ પામે છે, તે સંગ દોષનુ કારણ છે, અર્થાત્ આત્માના ગુણો અશુદ્ધ ભાવોના સંબંધથી મલીન થાય છે જેમ અગ્નિ લોઢાના સંગથી કુટાય છે, માટે અશુદ્ધ ભાવોને છોડી, સદા નિજ ગુણમાં જ રમણ કરવું તેજ શ્રેયકર છે ॥ ૧૧૪ ॥

હે યોગી, તું મોહને ત્યાગી દે કેમકે મોહ કરવો તે શ્રેયકર નથી, મોહથી આસક્ત સર્વ જગત વાસી જીવોને કલેશ ભોગવતા જો અર્થાત્ મોહજ દુઃખનું મુળ છે. માટે તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. ॥ ૧૧૫ ॥

હે મુનિ પર ઘરથી ભિક્ષા જીવી તું સરસ સ્વાદિષ્ટ આહારની ઇચ્છા કરે છે, તો તને શરમ નથી ધતી હે મુનિ રાગ રહિત નિર્દોષ આહાર તું કર રાગ સર્વથા ત્યાગવા યોગ્ય છે. ॥૧૧૬॥

હે મુનિ જો તું (૧૨) પ્રકારના તપના ફલ રૂપ સ્વર્ગ મોક્ષ

ને ઇચ્છે છે, તો મન વચન કાયાથી ભોજનની લાલસાનો ત્યાગ કરી, નિજ ગુણોમાં રમણ કર. ॥૧૧૭॥

જે યોગી સ્વાદિષ્ટ ભોજનથી હર્ષિત થાય છે, અને નિરસ આહાર મળવાથી વિશાદ કરે છે, તે મુનિ ભોજનમાં આસક્ત છે, એમ સમજો, તે પરમ તત્ત્વને જાણતો નથી. ॥૧૧૮॥

શુદ્ધોપયોગની ભાવનાથી રહિત, સંસારી જીવ વિષયોના અનુરાગી પાંચ ઇન્દ્રિયોના લોલુપ ભવ ભવમાં દુઃખને ભોગવે છે, એવું જાણી વિવેકવંત વિષયાભિલાષાનો ત્યાગ કરે. અને સ્વગુણોમાં મનને જોડે ॥ ૧૧૯ ॥

હે યોગી તું લોભને ત્યાગ કર, લોભમા ફસાયેલ જીવોને તું જો તેઓ ભવ ભવમા દુઃખને ભોગવે છે, માટે લોભ ભાવનો ત્યાગ કરી, નિજ ગુણમાં રમણ કર. ॥ ૧૨૦ ॥

લોભી મિથ્યાદષ્ટિ જીવ નરકાદિમાં દુઃખ ભોગવે છે, માટે લોભને છોડી નિજ ગુણોમા રમણ કરો હે યોગી? રાગ રહિત વિતરાગ નિર્વિકલ્પ ધ્યાનમા સ્થિર થઈને આત્મ વેરી સ્નેહ રાગનો ત્યાગ કર, કેમકે આ સંસારી જીવો શુદ્ધાત્મ ભાવનાથી રહિત છે, એટલે નાના પ્રકારના દુઃખો સ્નેહને કારણે ભોગવે છે ॥ ૧૨૧ ॥

જેમ સ્નેહ (ચીકાશ તેલ) ના સંબંધથી તલ ઘાણીમાં પીલાય છે, તેવી રીતે જે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જે જીવો આસક્ત છે, તે પીડિત છે ને દુઃખોને ભોગવે છે, માટે મોહ છોડી સ્વરૂપનું ચિંતન કર ॥ ૧૨૨ ॥

વિષય વાછારૂપ જે સ્નેહ રૂપી પાણી (જલ) તેના રાગથી રહિત સમયગ્ દર્શન જ્ઞાન ચારીત્ર રુપી રત્નોથી ભરેલ નિજ શુદ્ધાત્માની ભાવના રુપ વહાણ એનાથી ચોવનરુપી સરોવરને પાર કરે છે તેનું જીવન ધન્ય છે ॥ ૧૨૩ ॥

જિનેશ્વર દેવને અનેક પ્રકારની રાજ્ય વિભુતિ મોક્ષ માટે છોડી તો હે ભિક્ષા જીવી ભિક્ષુ તું ભિક્ષુક થઈને પણ તારૂં આત્મ શ્રેય કેમ સાધતો નથી, આ માયા જાળને છોડી, નિજ ગુણોમાં રમણ કર ॥ ૧૨૪ ॥

હે જીવ તું ચાર ગતિવ.ળા સસારમાં પરિભ્રમણ કરતો ઘણો કર્મ વશે મહાન દુઃખ ભોગવીશ. માટે અષ્ટ કર્મોનો નાશ કરવા. અને સ્વાત્માનુ રાજ્ય મોક્ષસુખ પ્રાપ્ત કરવા, તું પ્રયત્નશીલ બન, અને પ્રમાદ રહિત થઈ, નિજ ધ્યાનમા લીન થા. ॥ ૧૨૫ ॥

પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન તત્ત્વરૂપ વીતરાગ નિત્યાનંદ પરમ સ્વભાવ એનાથી ભિન્ન નરકાદિના દુઃખો અને એનું કારણ કર્મજ છે, જો તને દુઃખ પ્રિય નથી તો તે દુઃખોના કારણ રૂપ કર્મોને કેમ ઉપાર્જન કરે છે. માટે એવા કર્મ કર નહિ, પરંતુ શુદ્ધાત્માની જ ભાવનામા રમણ કર ॥ ૧૨૬ ॥

ભેદ વિજ્ઞાનથી રહિત મૂઢ જીવો શુદ્ધાત્માની ભાવનાથી પરાઙ્મુખ છે, તેથી શુભાશુભ કર્મોનો જ બંધ કરે છે, પરંતુ અનત જ્ઞાનાદિ સ્વરુપ મોક્ષના કારણ રૂપ જે પરમાનંદ રુપ નિજ શુદ્ધાત્મા એનું એક ક્ષણ પણ ચિંતન કરતા નથી, તેનો વિચાર પણ કરતા નથી, સદા આર્તરૌદ્ર ધ્યાનમાંજ લીન રહે છે તેથી તેઓની દુઃખોથી મુક્તિ થઈ શકતી નથી.॥૧૨૭।

અજ્ઞાની જીવ જ્ઞાનનાં અભાવમાં કુટુમ્બ પરિવારમાં મો
થઇને, ચૌરાસી લાખ યોનીયોમાં અનેકવિધ દુઃખોને ભોગ
થકો પરિભ્રમણ કરે છે, હે જીવ જો તારે દુઃખોથી છુટવું
તો તું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્નવંત બન. ॥૧૨૮॥

હે જીવ આ ઘર પરિવાર વગેરે શુદ્ધ ચેતન સ્વ
અમૂર્તિક નિજ આત્માથી જે શુભાશુભ કર્મ એના ઉદ
ઉત્પન્ન થયેલ છે, એટલા માટે કર્માધીન છે, તથા નાશવાન
તેની મમતા છોડીને, સ્વાત્માનું ધ્યાન કર, સ્વાનુભવ કર. ॥૧૨૯

હે આત્મન્ તું ઘરાદિ પરવસ્તુઓની ચિંતા કરવાથી મે
પ્રાપ્ત નહિ કરી શકે અને મોક્ષનો માર્ગ જે વ્યવહાર નિ
રૂપ તેને પણ તું પ્રાપ્ત નહિ કરે, પરંતુ ઘરાદિની ચિં
ભવ વનમાં ભમીશ, ભટકીશ, એટલા માટે તેનુ ચિંતવન છે
શુદ્ધાત્માનું ચિંતન કર ॥૧૩૦॥

હે જીવ તું પુત્ર કલત્ર પરિવાર માટે અનેક જીવોની
કરે છે. તથા અંતરંગમાં તેને કારણે ભાવોને. મલિન કરે છે
દ્રવ્ય ભાવ રૂપ હિંસાના ફલ તું સંસારમાં તું એકલોજ ભોગ
કોઈ તેમા તારી સહાયતા નહિ કરે. માટે સ્વદયા પરદયાનો અ
લે, તેથી તુ દુઃખ મુક્ત થઈશ. ॥૧૩૧॥

હે મૂઢ શુદ્ધાત્માના સ્વભાવ સિવાય અન્ય સર્વ વિન
પદાર્થ નાશવાન છે તું ભ્રમથી ભૂલીને આગાર પગળ કે દે
ને કુટવાની વ્યર્થ ચિંતન ન કર એ બધાને વિનાશીક જા
ચિત્ત સર્વ સંગનો ત્યાગ કરી, મોક્ષ માર્ગમાં પ્રીતી કર જે
સર્વ રાગાદિ વિકલ્પ રહિત ચિંતાથી નિર્મળ છે. ॥ ૧૩૨ ॥

હે યોગી ? આત્મા કેવલ જ્ઞાયક સ્વભાવ વીતરાગ પરમાનંદ સ્વરુપ છે, એનાથી ભિન્ન જે મન. વચન કાયાનો વ્યાપાર તથા સર્વ કંઈ વિનાશી છે, માટે તે સર્વની મમતા રહિત થઈને નિજ સ્વભાવની ભાવના કર. ॥ ૧૩૩ ॥

હે શિષ્ય જે પદાર્થ સૂર્યોદયે દેખાય છે તેજ પદાર્થ અસ્ત થતા સૂર્યના સમયે દેખવામાં આવતો નથી, નાશને પામે છે, એવું જાણી ધર્મનું આરાધન કર અને ધન યૌવન વગેરેની તૃષ્ણાનો ત્યાગ કર, તથા શુદ્ધાત્મામાં લીન થઈ નિજ સ્વરૂપને ભાવ અગર ભાવના કર. ॥ ૧૩૪ ॥

હે યોગી ? વીતરાગ પરમાનદ સમરસી ભાવરુપ અતીન્દ્રિય નિશ્ચય સુખથી રહિત જે આ સંસારી જીવ છે, એનું મન અનાદિ કાલની અવિદ્યાની વાસનામાં વસેલ છે. એટલે પાંચ ઇન્દ્રિયોના વિષય સુખમા આસક્ત છે, એ જગ જીવોનું મન વારમ્વાર વિષયોમા દોડે છે. તેથી પોતાના સ્વરૂપમાં સ્થિર થતું નથી, એટલા માટે ધ્યાનની ગતિ વિષમ છે, અર્થાત કઠિન છે ॥ ૧૩૫ ॥

જેના પરિણામ શુદ્ધાત્મ દ્રવ્યના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન ચારિત્ર રુપ નિશ્ચય રત્નત્રયમાંજ લીન છે યોગ શબ્દનો અર્થજ એવો છે, કે પોતાનું મન ચૈતન્યમાં જોડે લીન કરે, તેજ યોગી છે, તેજ ધ્યાની છે, અને તેજ તપોધન મહામુનિ છે, એમ નિઃસદેહે જાણવું. ॥૧૩૬॥

એ વિષયો ક્ષણભંગુર છે, વારમ્વાર દુર્ગતિ દેવા વાળા છે અર્થાત નરકાદિ ગતિમાં લઇ જવા વાળા છે, એવું જાણી વિષ સુખોની તૃષ્ણા છોડીને, વીતરાગ પરમાત્મ સુખમાં સ્થિર થઇ નિરંતર શુદ્ધોપયોગની ભાવના ભાવવી જોઇએ. ॥૧૩૭॥

જે ભવ્ય જીવ આ દુષમકાલમાં ધર્મની આરાધના ક છે, તેને ધન્ય છે, તે પ્રસંસાને પાત્ર છે. ॥ ૧૩૮ ॥

આ ચંચળ મનરુપ હાથીને ભેદ વિજ્ઞાનની ભાવના રુ અંકુશના બળથી વશમાં કરો, પોતાને સ્વાધીન કરો, જેને વ કરવાથી સર્વ ઇન્દ્રિયોં વશમાં થાય છે એટલા માટે ગમે પ્રકારે મનને જીતવું જોઇએ. ॥ ૧૩૯ ॥

હે અજ્ઞાની જીવ તું વિષયોમાં આસક્ત થઇને કેટલો કા સંસારમા ભટકયો હજી શુ તને થાક નથી લાગ્યો, કે જે બહિર્મુખ પરિણામ કરી રહ્યો છે, હવે તો શુદ્ધાત્માનો અનુભ કર, જેનાથી અવશ્ય મોક્ષ સુખ પ્રાપ્ત થશે ॥ ૧૪૦ ॥

હે તપોધન આત્મ સાધનને છોડીને તું મનને બીજે કંઇપ જવા ન દે, જે અજ્ઞાની જીવ પોતાના સ્વભાવમાં લીન ન થતો તે સંસારમા દુ:ખોને ભોગવે છે, તેને તું જો અને સ્વભાવ લીન બન ॥ ૧૪૧ ॥

કાલ અનાદિ છે, જીવ પણ અનાદિ છે, સંસારરૂપ સમુ પણ અનાદિ અનંત છે, એવા સંસારમાં ભમતા થકા જીવે એ જીનેશ્વરને તથા સમ્યકત્વ આ બે વસ્તુને પ્રાપ્ત કરી નથી બા સર્વ પ્રાપ્ત કરી ચુકયો છે ॥ ૧૪૨ ॥

પ્રીતી દુઃખ દાતા છે, એટલા માટે શરીરથી ભિન્ન જ્ઞાનસ્વભા આત્માને તું ઓળખ, અને તેનું ધ્યાન કર, તેજ શ્રેય માર્ગ છે. ॥ ૧૪૭ ॥

હે શિષ્ય આત્માધીન સુખ જે આત્માનુભવથી પ્રા થાય છે, તેમાં સંતોષ કર ભોગોની ઈચ્છાથી ચિત્ત શાન્ત થ નથી, ભોગોનું ચિંતન કરવા વાળાના દિલ સદા અશાંત રહે માટે સ્વ ચિંતન કર. ॥ ૧૪૮ ॥

પર જે શુદ્ધાત્માથી ભિન્ન શરીરાદિઓનો રાગ પ્રેમ તું કર, આત્માનો જ્ઞાનમયી સ્વભાવ જાણીને રાગાદિ સર્વ વિક છોડી, નિરંતર નિજ સ્વભાવની ભાવના કર, ધ્યાન કર, તે શ્રેયનો માર્ગ છે. ॥ ૧૪૯ ॥

જેનું મનરૂપ જલ (પાણી) વિષય કષાયરૂપ પ્રચંડ પવનથી ચલિત થતું નથી, એવા ભવ્ય જીવની આત્મા નિર્મલ થાય છે અને તેને શીઘ્ર આત્મ દર્શન થાય છે ॥ ૧૫૦ ॥

જેને મનને વશ કરવાની શક્તિ નથી, તે યોગી કેવી રીતે બની શકે? અર્થાત નજ બની શકે યોગી તો તે છે, કે જે મન વિકલ્પ જાળથી રહિત નિર્મળ જ્ઞાનદર્શનમયી પરમાત્માનો અનુભવ કરે, અર્થાત આત્માનુભવીજ યોગી થઈ શકે, અને તે તો મનને નાશ કરવાથી જ બની શકે એ નિસંદેહ જાણવુ ॥૧૫૧॥

જો કે વિકલ્પ સહિત અવસ્થામાં મનની સ્થિરતા માટે [illegible] વિષય કષાય જન્ય અશુભ ધ્યાનને રોકવા માટે [illegible]

પરમેષ્ટિનું સ્મરણ રૂપ ધ્યાન કરવા યોગ્ય છે, પરંતુ નિશ્ચય ધ્યાન તો શુદ્ધ આત્માનું કરવા યોગ્ય છે અને તેજ આત્માનુભૂતિનું કારણ છે. ॥ ૧૫૨ ॥

વિકલ્પ રહિત નિર્વિકલ્પ ધ્યાન કરવા વાળા યોગીઓને હું વારમ્વાર નમસ્કાર કરૂં છું, જે યોગી સમભાવમાં સ્થિત છે, અને જે પુણ્ય પાપને ઉપાદેયભૂત જાણતા નથી, તે યોગીઓને ધન્ય છે, તેજ ખરો યોગી છે કે જે સ્વભાવમાં રમણતા સિવાય બધું તજવા યોગ્ય સમજે છે. ॥ ૧૫૩ ॥

જે યોગીશ્વર ઉજડ અર્થાત પ્રથમ કોઈ દિવસ નહિ થયેલા એવા શુદ્ધોપયોગ રુપ પરિણામોને સ્વસંવેદન જ્ઞાનના બલથી હૃદયમાં સ્થાપન કરે છે. તથા જે પ્રથમથી રહેલ મિથ્યાત્વાદિ પરિણામોને પોતાના હૃદયમાંથી બહાર નિકાળી દે છે. તથા જે પુણ્ય પાપથી નિર્લેપ છે, એવા યોગીઓને હું વારમ્વાર નમસ્કાર કરૂં છું. ॥ ૧૫૪ ॥

મોહ નાશનો ઉપાય? નાકથી નીકળેલ જે શ્વાસોચ્છવાસ છે, તે અમ્બર અર્થાત આકાશ સમાન નિર્મલ મિથ્યાત્વ રાગાદિ રહિત શુદ્ધ ભાવોમાં વિલીન થઈ જાય છે. અર્થાત તત્વ સ્વરૂપ પરમાનંદમય પૂર્ણ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર ચિત્ત થઈ જાય છે. ત્યારે શ્વાસોચ્છવાસ રૂપ વાયુ (પવન) રોકાય જાય છે. નાસિકાના છિદ્રને છોડીને તાળવાના રંધ્ર રૂપી દશમાં દ્વારમાંથી નીકળે ત્યારે મોહનો નાશ થાય છે, તે સમયે મોહ ઉદયથી ઉત્પન્ન થતા રાગ દ્વેષાદિ વિકલ્પ રુપી જાળનો નાશ થાય છે એ નિર્વિકલ્પ દશાના વિકલ્પોના

આધારભૂત મનનો નાશ થાય છે, અર્થાત્ નિજ સ્વભાવમાં મનની ચંચળતાનો અભાવ છે, તેજ મનનો નાશ જ્યારે આ જીવ રાગાદિ પરભાવોથી શૂન્ય નિર્વિકલ્પ સમાધીમાં રહે છે, ત્યારે શ્વાસોચ્છવાસરૂપ વાયુ નાસિકાના બન્ને છિદ્રોમાંથી નીકળતો બંધ થઈને સાધકની પ્રેરણા વિના પોતાની સહજ ગતિએ તાળવાના મધ્ય ભાગમાં વાળના આઠમા ભાગ જેટલું પાતળું સુક્ષ્મ એક છિદ્ર છે, તેને દશમુ દ્વાર કહે છે તે દશમા દ્વાર વડે પ્રાણવાયુ બહાર નીકળે છે. તે વખતે નાસિકાના છિદ્રવાટે પ્રાણવાયુ બહાર નીકળતો થોડા વખત માટે બંધ થાય છે, અભ્યાસે કરીને તે પ્રાણવાયુ બ્રહ્મરંધ્ર દ્વારા નીકળવાને ટેવાઈ જાય છે તેથી મનનો નિર્વિકલ્પ દશામાં લય થાય છે અને મોહ નાશ પામે છે. અન્ય મતવાળા વાયુ ધારણા રૂપ શ્વાસોચ્છવાસ માને છે, તે બરાબર નથી, કેમકે વાયુ ધારણા ઈચ્છા પૂર્વક હોય છે, તે તો મોહ જનિત વિકલ્પ રૂપ છે વાંછાનુ કારણ મોહજ છે સંયમીઓને વાયુનો નિરોધ વાંછા (ઈચ્છા) પૂર્વક હોતો નથી સ્વભાવિકજ હોય છે. જિન શાસનમા એમ કહ્યુ છે કે, કુંભક પૂરક રેચક એ ત્રણ ભેદ વાળા પ્રાણાયામ છે, એને વાયુ ધારણા કહે છે તે વાયુ ધારણાનુ ફલ તો એવું છે કે, શરીર આરોગ્ય મય થાય રોગ નાશ પામે શરીર હલકુ થાય વગેરે પરંતુ તે વાયુ ધારણાથી કર્મનો નાશ થઈ મુક્તિ પ્રાપ્ત થતી નથી, કેમકે ધારણા એ તો શરીરના ધર્મ છે, આત્માનો સ્વભાવ નથી, શુદ્ધોપયોગીઓને સહજ વિના યત્ન મન રોકાય જાય છે તથા શ્વાસ પણ રોકાય જાય છે. જે આત્મ સ્વરૂપ છે, તે તો કેવલ ચેતનમય જ્ઞાન દર્શન સ્વરૂપજ છે તેજ શુદ્ધોપયોગીઓ તે સ્વરૂપમા અતિ લીન છે. શુદ્ધોપ

યોગીની દૃષ્ટિ એક શુદ્ધોપયોગ પરજ હોય છે, અન્યમતી જેમ યોથી વાયુ ધારણા પર નથી હોતી જો વાયુ ધારણાથી જ શકિત પ્રામ થાય તો વાયુ ધારણા કરવા વાળાઓનો આ દુ ષમ કાલમાં મોક્ષ કેમ ન થાય કોઈ દિવસ થતો નથી. મોક્ષ તો કેવલ સ્વભાવ સ્વરૂપ જ છે. દર્શન મોહ તથા ચારિત્ર મોહ આદિ કલ્પના જાળ સર્વનો લય થાય છે. આ લોક અને પરલોક આદિ સુખની ઈચ્છા રુપ વિકલ્પોની જાળ રુપ મન સ્થિર થઈ જાય છે, ત્યારે શ્વાસોચ્છવાસ રુપ વાયુ રોકાય જાય છે, શ્વાસોચ્છવાસ વિના પ્રેરણા નાસિકાના દ્વારને છોડી તાળવાના છિદ્રમાંથી નીકળે છે, તથા વળી થોડીવાર રોકાયને નાસિકાથી બહાર નીકળે છે, એવી રીતે શ્વાસોચ્છ્વાસરૂપ પવન વશમા થાય છે, કેવલ જ્ઞાન પણ શીઘ્ર એ ધ્યાની મુનિયોને થાય છે, કે જે મુનિયોનો રાગદ્વેષ મોહરુપ વિકલ્પ જાળથી રહિત શુદ્ધાત્માનું સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન અ ચરણરૂપ નિર્વિકલ્પ ત્રિગુપ્તિમય પરમ સમાધિમા નિવાસ છે અહિંઆ અમ્બર નામ આકાશનું નથી લેવાનુ પરંતુ નિર્વિકલ્પ સમાધિ લેવાની છે, તથા અહિંઆ વાયુ શબ્દથી ઈચ્છાપૂર્વક વાયુનિરોધરૂપ પ્રાણાયામ નથી સમજવાનો સ્વયમેવ પ્રેરણારહિત નિર્વિકલ્પ સમાધિમા બ્રહ્મદ્વાર નામના દશામાં સૂક્ષ્મ છિદ્ર જેને તાળવાનો રંધ્ર કહે છે, એના દ્વારા વગર પ્રેરણાએ પવન નિકળે છે, તેને લેવો ધ્યાની મુનિયોને પવન રોકવાનો યત્ન કરવો પડતો નથી. વિના પ્રયત્ને સ્વભાવિક જ પવન રોકાય જાય છે, તથા મન પણ સ્થિર થઈ જાય છે, એવો સમાધિનો પ્રભાવ છે, જે મૂઢ છે, તે અમ્બરનો અર્થ આકાશ એમ કરે છે, તથા જે જ્ઞાની છે, તે અમ્બરનો અર્થ

પરમ સમાધિરૂપ નિર્વિકલ્પનાને જાણે છે, નિવિકલ્પ ધ્યાનમાં મન મરી જાય છે, અને પવનનો સહજ હી નિરોધ થાય છે, જે પરમ સમાધિમાં લીન થાય તો તેનો મોહ નષ્ટ થાય છે, મનના વિકલ્પોનો નાશ તેજ મનનું મરણ છે, અને તેજ શ્વાસનો નિરોધ છે, તથા બધા દ્વારોથી રોકાયને દશમાં દ્વારથી શ્વાસ બહાર નીકળે, આત્માને નિર્વિકલ્પ સમાધિમાં સ્થાપિત કરે છે. આકાશમાં જવાથી મોહ હટતો નથી પરંતુ આત્મ સ્વરૂપને જાણવાથી મોહનો નાશ થાય છે. ॥ ૧૫૫ ॥

જે ધ્યાની યોગી નિર્વિકલ્પ સમાધિમાં મનને સ્થિર કરે છે. એનો મોહ શીઘ્ર નાશ પામે છે, તથા જ્ઞાનગુણ યુક્ત આત્માને પ્રાપ્ત કરે છે, માટે તેજ આદરણીય છે. ॥ ૧૫૬ ॥

જે મર્વ પ્રકારની ચિંતા જાળથી રહિત, નિશ્ચીંત પુરૂષ છે તે જ શુદ્ધાત્મ સ્વરૂપમાં સ્થિરતા કરી શકે છે, એના જ ધ્યાનની સિદ્ધિ થાય છે, અને તેજ પરમ ગતિને પામે શકે છે. ॥ ૧૫૭ ॥

હે યોગી ! નિર્મળ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્મ સ્વરૂપથી પરાઙ્મુખ જે ચિંતા જાળ છે, તેનો ત્યાગ કરીશ ત્યારે ચિંતાના અભાવથી સંસાર ભ્રમણનો નાશ થશે, અને તું સંસારથી મુક્ત થઈશ, જ્યા સુધી ચિંતામા લીન છો ત્યાં સુધી નિર્વિકલ્પ ધ્યાનની સિદ્ધિ થઈ શકતી નથી, બીજાની તો શી વાત છે જો તિર્થંકર ભગવાન પણ ચિંતાઓનો ત્યાગ ન કરે તો તેઓ પણ કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરી શકતા નથી, એવું જાણી હમેશ

પોતાના શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલ જે પરમાનંદ એના અનુભવમાં રમણ કરવાથી આત્મા દેવ કહેવાય છે, એજ આરાધવા યોગ્ય છે, જે આત્મદેવ શુદ્ધ નિશ્ચય નય કરીને કેવલી ભગવાન સમાન છે, એવા પરમાત્માદેવ શક્તિરૂપથી શરીરમાં રહેલા છે, જો શરીરમાં તે ન હોય તો કેવલ જ્ઞાનને સમયે તે કયાંથી પ્રગટ થાય. ॥ ૧૯૨ ॥

જે પરમાત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે જ હું છું જો કે વ્યવહાર નયથી હું કર્મોથી બંધાયેલ છું, તથાપિ નિશ્ચય નયથી મારામાં બંધ મોક્ષનો અભાવ છે, જેવું ભગવાનનું સ્વરુપ છે, તેવુંજ મારૂં સ્વરુપ છે, તેજ આત્મદેવ મહામુનીઓ દ્વારા આરાધવા યોગ્ય છે. ॥ ૧૯૩ ॥

હે જીવાત્મા જેમ સ્ફટિકમણીની નીચે રાખેલ-ઉપાધિર સ્ફટિકમણીથી જુદી છે, તેવીજ રીતે આત્મ સ્વભાવથી સર્વ શુભાશુભ કર્મ ભિન્ન છે એમ જાણ. ॥ ૧૯૪ ॥

જેમ સ્ફટિકમણી સ્વભાવથી નિર્મળ છે, એવી રીતે આત્મા જ્ઞાન દર્શનરુપ નિર્મળ છે, શરીર મલીન છે, તે આત્માથી ભિન્ન છે, આત્મા નિર્મળ છે, શરીર અશુચિમય છે, તેને એકમેક ન જાણો. ॥ ૧૯૫ ॥

કોઈ બુદ્ધિમાન વિવેકી પુરુષ લાલ વસ્ત્ર પહેરવાથી શરીરને લાલ નથી માનતો, એવી રીતે જ્ઞાની પુરુષ શરીર લાલ હોય તો પણ આત્માને લાલ નથી માનતો, જેમ કોઈ વિવેકી પુરુષ વસ્ત્ર જીર્ણ થવાથી શરીરને જીર્ણ નથી માનતો, એવી રીતે જ્ઞાની

કેવલી ભગવંતે કહ્યુ છે કે જ્યાં સુધી સર્વ શુભાશુભ વિકલ્પોનો નાશ ન થાય ત્યાં સુધી, સમ્યગ્ દર્શન જ્ઞાન ચારીત્રરુપ શુદ્ધોપયોગ જેનું લક્ષણ છે, એવી પરમ સમાધિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી ॥ ૧૮૨ ॥

જ્યારે સર્વ રાગાદિ વિકલ્પોનો નાશ થઈ જાય ત્યા નિર્વિકલ્પ ધ્યાનના પ્રસાદથી કેવલ જ્ઞાન ઉત્પન્ન થાય છે, કેવલ પ્રભુનેજ અરિહંત કહે છે, તે અરિહંતનેજ જીવનમુક્ત કહે છે જ્યારે અરિહંત બન્યા ત્યારે ભાવ મોક્ષ થયો, પછી ચ અઘાતીયા કર્મોનો નાશ કરીને સિદ્ધ પ્રભુ બને છે, અથ સિદ્ધિને પ્રાપ્ત કરે છે, તે સિદ્ધ પ્રભુને વિદેહમુકત પણ કહે આજ મોક્ષ માર્ગ છે. ॥ ૧૮૩ ॥

જે અરિહંત ભગવાન સમસ્ત લોકાલોકને એકજ સમયે કેવલ જ્ઞાનથી જાણે છે, જે જ્ઞાન ક્રમરહિત છે, એકજ સમયે સર્વ લોકાલોકના ભાવોને જાણે છે આગળપાછળ નહિ, કેવલ જ્ઞાની ભગવાન પરમ આનંદરુપ છે, પરમ સમરસી ભાવરૂ જે પરમ આનંદ અતીન્દ્રિય અવિનાશી સુખ તેજ જે લક્ષણ છે, નિશ્ચયથી જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એમા કંઈ સંદેહ નથી ॥ ૧૮૪ ॥

સમ્યક્ દ્રષ્ટિ જીવને જિનવર સમ જાણો, તથા જિનવર જીવ જાણો, જે જીવની જાતિ છે તેજ જિનવરની જાતિ તથા જે જિનવરની જાતિ છે, તેજ જીવની જાતિ છે મહામુનિ દ્રવ્યલિંગ નયથી જીવ અને જિનવરમા સતાગને ભેદ માન [illegible] આત્માને પ્રાપ્ત કરે છે ॥ ૧૮૫ ॥

કેવલ જ્ઞાન દર્શન અનંત શક્તિ, અનંત, સુખ એ ચાર ગુણો થી જિનેશ્વર યુક્ત છે, તે જ જ્ઞાની છે, કારણ કે ઉત્કૃષ્ટ લોકાલોક ના પ્રકાશક જે કેવલ જ્ઞાન તેજ પરમપ્રકાશ છે, જે કેવલજ્ઞાન એક જ સમયમાં અનંત દ્રવ્ય અનંત ક્ષેત્ર અનંત કાળ અનંત ભાવોને જાણે છે માટે તે જ્ઞાન અનંત છે અવિનાશી છે, તેનો કદી નાશ થતો નથી, ॥૧૮૬॥

તે શુદ્ધ જિનદેવને જ અનેક નામથી લોકો જાણે છે, જે પરમાત્માને કોઈ મુની કહે છે. પરમાત્મા કહે છે, હરિ, મહાદેવ, બ્રહ્મા બુદ્ધ પરમ પ્રકાશ કહે છે. તે બધા જિનેશ્વરના જ નામો છે. ॥૧૮૭॥

શુકલ ધ્યાનથી કર્મોનો ક્ષય કરી ને મુક્ત થાય છે, જે પદ અવિનાશી છે, હે જીવ એને જ જિનવરે સિદ્ધ પ્રભુ કહ્યા છે. ॥૧૮૮॥

વળી તે સિદ્ધ કેવા છે, તે સિદ્ધ ભગવાન ત્રણ લોકના નાથ છે, જે સિદ્ધ પ્રભુનું ધ્યાન કરવાથી ભવ્ય જીવો સંસારથી તરે છે, તે માટે ભવ્ય જીવોના બંધુ સમાન હિતકારી છે, જેનો રાગાદિ રહિત અવ્યાબાધ અવિનાસી સુખ સ્વભાવ છે. એવા અનંત ગુણો સહિત સિદ્ધ ભગવાન મોક્ષમાં સદા કાલ બિરાજમાન છે, જેણે શુદ્ધ આત્મ સ્વભાવને પ્રાપ્ત કરી લીધો છે, અનંત કાલ વીતી ગયો અને અનંત કાલ આવશે તોપણ તે પ્રભુ સદા કાલ સિદ્ધ ક્ષેત્રમાં જ વાસ કરી રહ્યા છે જ્યાંથી પાછું આવવાનું નથી ॥૧૮૯॥

પરમાત્મતત્વથી વિપરીત જે મોહરૂપી કર્મ એની સર્વ પ્રકૃતિઓને મૂળથી નાશ કરી દે છે, મિથ્યાત્વ રાગાદિકોને જીતીને નિર્મોહ નિરાકુલ ચિદાનંદ સ્વભાવ જે પરમાત્મા એને સમયક પ્રકારે જાણે છે, ॥૧૯૦॥

પરમાત્મપ્રકાશ નામનો જે આ ગ્રન્થ છે તેને વાંચવાથી લાભ થાય છે, તો કહે છે, પ્રકાશ એ કેવલ જ્ઞાનનું નામ એને આધાર જે શુદ્ધ પરમાત્મા અનંત ગુણ પર્યાય સહિત ત્ર કાલ ત્રણલોક ના ભાવોને જાણવા વાળા લોકાલોક પ્રકાશક એ આત્મદ્રવ્ય ને તુર્ત જ પામશે, ॥૧૯૧॥

જેને ચાર ગતિના ભ્રમણનો ભય છે, અર્થાત જે સંસા દુઃખથી મુક્ત થવા ઇચ્છે છે, તથા જે મોક્ષ પદનો ઇચ્છુક છે તે જ આ પરમાત્મ પ્રકાશક ગ્રન્થનો અભ્યાસ કરવા ને લાય અધિકારી છે, ॥૧૯૨॥

વ્યવહાર નયથી પરમાત્મ પ્રકાશ ગ્રન્થ તથા નિશ્ચયનયથ નિજ શુદ્ધાત્મ સ્વરૂપ પરમાત્મા એની ભક્તિમાં જે તત્પર છે, વિષય રહિત જે પરમાત્મ તત્વની અનુભૂતી એનાથી ઉપાર્જ

કરેલ જે અતીન્દ્રિય પરમાનંદ સુખ એના રસના આસ્વાદનથી તૃપ્ત થયેલ વિષયોમાં નથી રમતા, ॥૧૯૩॥

શિવસ્વરૂપ અનંત પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન જે પરમાનંદ અતિન્દ્રિય સુખ એનાથી વિપરીત જે પાંચ ઇન્દ્રિયોના વિષય એમાં જે આસક્ત છે, એને પરમાત્મતત્વ પ્રાપ્ત થવું મહા દુર્લભ છે, કેમ કે તે પરમાત્મ તત્વ મહા ભગવંત થાય ॥૧૯૪॥

હે વત્સ મોક્ષ સિવાય બીજું કોઈ સુખ નથી અને આત્મ ધ્યાન સિવાય મોક્ષનો કોઈ ઉપાય નથી, એટલા માટે તું વીતરાગ નિર્વિકલ્પ સમાધિમા સ્થિર થઈને પોતાના શુદ્ધાત્મ સ્વભાવનું જ ધ્યાન કર ॥૧૯૫॥

શુદ્ધ પરમાત્માની પ્રાપ્તી તે જ મોક્ષ છે. આ મોક્ષની પ્રાપ્તી ભવ્ય જીવોને જ થાય છે, તે ભવ્ય જીવો કેવા હોય, સર્વ મમત્વ રહિત તથા વિકલ્પોથી રહિત આત્મ ધ્યાન દ્વારા જેણે સર્વ કર્મના ક્ષય કર્યો છે એવા જીવો નિર્વાણને પ્રાપ્ત કરે છે, એમ જ્ઞાની જનો કહે છે માટે મોક્ષ માર્ગ જ આરાધવા યોગ્ય છે ॥૧૯૬॥

મોક્ષનું ફળ અન તજ્ઞાનાદિને જાણી સર્વ રાગાદિનો ત્યાગ કરી નિરતર શુદ્ધાત્માની ભાવના કરવી જોઈએ ॥૧૯૭॥

સમ્યક્દર્શન સમ્યગ્ જ્ઞાન સમ્યક્ ચારિત્ર આ ત્રણને વ્યવહારનયથી મોક્ષના કારણ જાણવા અને નિશ્ચયથી એ ત્રણ રૂપ એક આત્મા જ મોક્ષનું કારણ છે. ॥૧૯૮॥

આ સમ્યગ્દર્શન જ કલ્પવૃક્ષ કામધેનુ તથા ચિંતામણીરત્ન છે, એવું જાણી ભોગોની વાછારૂપ જે વિકલ્પોને ત્યાગી સમ્યકત્વની આરાધના કરવી જોઈએ, ॥૧૯૯॥

જે જ્ઞાની નિર્મલ રાગાદિ દોષ રહિત રત્નત્રય ને આત્મા કહે છે, માને છે, તેજ મોક્ષના આરાધક થઈને પોતા ના શુદ્ધાત્માનું ધ્યાન કરે છે, ॥૨૦૧॥

જે પુરૂષ અનંત ગુણ રૂપ કર્મ મલ રહિત નિર્મલ આત્માનું નિરંતર ધ્યાન કરે છે, તે પરમમુની નિશ્ચયથી શીઘ્ર મોક્ષને પામે છે, ॥૨૦૨॥

હે જીવ વીતરાગ સ્વસંવેદન જ્ઞાની આત્મ ધ્યાનમાં લીન સુખ અને દુઃખ ને સમભાવોથી સહન કરે છે તેને જ અભેદ નયથી કર્મોની નિર્જરાનું કારણ કહે છે, તથા બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત ઈચ્છા નિરોધરુપ તપ પણ તેજ જ્ઞાની ને થાય છે, એમ જિનેશ્વરદેવે કહ્યુ છે, ॥૨૦૩॥

કર્મના ઉદયથી સુખ દુઃખ ઉત્પન્ન થવા છતાં જે મુની રાગાદિ રહિત મનથી શુદ્ધ જ્ઞાન દર્શન સ્વરૂપ પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર રહે છે, વિભાવ રૂપે નથી પરિણમતા તે જ મુની અભેદનયથી પુણ્ય પાપ રૂપ કર્મના સંવરનું કારણ બને છે, ॥૨૦૪॥

જે મુનિરાજ પરિગ્રહનો ત્યાગ કરી શાસ્ત્રોનું રહસ્ય જાણી વીતરાગ પરમાનંદ સુખરસના ભોગી બની સમભાવમાં સ્થિર રહે છે, તેજ સાધુ પૂર્વ કર્મોની નિર્જરા કરે છે, અને નવીન કર્મને રોકે છે, અર્થાત સમભાવ જ સંવર નિર્જરાનું કારણ છે, એમ જાણ ॥૨૦૫॥

સમ્યગ્દર્શન જ્ઞાન ચારીત્રની પ્રાપ્તી સમભાવી મુનીને જ [illegible] છે, સમભાવ રહિત જીવ ને [illegible] આત્માથી એક પણ [illegible]

નથી, એમ જિનેશ્વર દેવે કહ્યુ છે, ॥૨૦૬॥

આકુલતા રહિત નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલ જે પરમ શાન્ત ભાવ એની અંદર જ્યારે જ્ઞાની સ્થિર થાય છે, એ સમયે તે સંયમી કહેવાય છે, તથા જ્યારે આત્મા ક્રોધાદિ અશુદ્ધ ભાવોમા પરિણમન કરે છે, ત્યારે તે જ અસંયમી કહેવાય છે. ॥૨૦૭॥

હે જીવ મોહ તથા મોહ ઉત્પાદ વસ્તુઓથી મનમાં કષાય ઉત્પન્ન થાય છે, તે મોહને તથા મોહ ઉત્પન્ન કરનાર પદાર્થોનો તુ ત્યાગ કર ત્યાર બાદ મોહ અને કષાય રહિત થઈને તુ નિશ્ચયથી રાગદ્વેષ રહિત આત્મ જ્ઞાનને પ્રાપ્ત કરીશ ॥૨૦૮॥

જે વીતરાગ સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાની જીવ આરાધવા યોગ્ય નિજ આત્મ તત્વને અને ત્યાગવા યોગ્ય વિભાવ પરિણામોને જાણીને શાન્ત ભાવમાં સ્થિર થાય છે, જેની લગની આત્મ સ્વભાવમા થઈ છે, તે જ જીવ આ સંસારમા સુખી છે. અગર આત્મસ્વભાવમાં લીન મુની જ સુખી છે, બીજા નહિ ॥૨૦૯॥

મૂઢ જીવો જ્ઞાનીને પાગલ માને છે. અને જ્ઞાની જનો જગ જીવોને પાગલ માને છે, કેમ કે જ્ઞાની જગતથી વિમુખ છે અને જગ વાસીયો જ્ઞાની જનોથી વિમુખ છે ॥૨૧૦॥

જે સર્વ સંસારી જીવોની રાત્રી છે એ રાત્રીમા પરમ યોગી જાગે છે. અને જ્યાં સર્વ સંસારી જીવ જાગે છે, ત્યા મહામુનિ
રાત્રી માની યોગ સમાધિમા નિદ્રા મગ્ન થાય છે,
કે ધ્યાની મુનિયોને આત્મ સ્વરૂપ જ ગમ્ય

નથી, તથા જગતના પ્રપંચી જીવોને આત્મસ્વરૂપ ગમ્ય નથી, તેને તો પ્રપંચ માજ લીનતા છે. તેને જ સાર માને છે, આ સંસારનાપ્રપંચને ભુલવો, અને આત્માસ્વરૂપને ન ભુલવું તે જ પરમાર્થ છે, ॥૨૧૧॥

ત્રણ ગુપ્તીમા સ્થિર પરમ સમાધિમા આરૂઢ જે પરમ સંયમ એની ભાવના રૂપ નિર્મલ યથાર્થ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર, તેજ જેનું લક્ષણ છે, એવું મોક્ષનું કારણ જે સમયસાર એને જાણવાથી, અનુભવવાથી, અનુભવી મુની ન કોઈને શિક્ષણ આપે છે તથા પોતે ગ્રહણ કરતા નથી કોઈની નિંદા કરતા નથી, કોઈની સ્તુતી કરતા નથી, તથા જેને શત્રુ મિત્ર સુખ દુઃખ સર્વ સમાન છે, ॥૨૧૨॥

જે મુનિએ આત્મ સ્વભાવ ને પર વસ્તુરૂપ પરિગ્રહથી ભિન્ન માન્યો છે, તે પરમ તપસ્વી અંતર બાહ્ય પરિગ્રહ ઉપર તથા શાસ્ત્રોપર રાગ દ્વેષ કરતા નથી, ॥૨૧૩॥

જે મુનીને આત્મસ્વભાવને પંચ વિષયોથી ભિન્ન જાણી લીધો છે, એટલે વીતરાગતા ધારણ કરી છે, તેથી વિષયોપર પણ રાગ દ્વેષ કરતા નથી, ॥૨૧૪॥

વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બળથી આકુળતા રહિત પરમસુખ રૂપ નિજ પરમાત્મ સ્વરૂપમા સ્થિર થઈને, જે મહામુની દેહથી ભિન્ન શુદ્ધાત્માને જાણે છે, તેજ શરીર પર રાગ દ્વેષ કરતા નથી ॥૨૧૫॥

પરમમુની [illegible]

બન્નેનો સ્વભાવ બંધનો હેતુ છે, એવું જાણી આત્મ ધ્યાનમા લીન રહે છે, ॥૨૧૬॥

જે કોઈ જીવાત્મા બંધ અને મોક્ષનું કારણ પોતાના વિભાવ તથા સ્વભાવ પરિણામ જ છે, એવો ભેદ નથી જાણતા તેની જ પ્રવૃત્તિ મોહથી પુણ્યને ઉપાદેય અને પાપને હેય માનીને થાય છે ।.૨૧૭॥

અસત્ય વ્યવહાર નયથી દ્રવ્ય પુણ્ય તથા દ્રવ્ય પાપ આ બન્ને એક બીજાથી ભિન્ન છે, અશુદ્ધ નિશ્ચયનયથી ભાવ પુણ્ય અને ભાવ પાપ આ બન્ને પણ એક બીજાથી ભિન્ન છે, તોપણ નિશ્ચયનયથી પુણ્ય પાપ રહિત શુદ્ધાત્માથી બંને ભિન્ન હોવાથી અને બંધનરૂપ હોવાને કારણે બંને સમાન જ છે, જેમ સોનાની બેડી તથા લોખંડની બેડી બન્ને બંધન રૂપ જ હોવાથી, સમાન જ છે ॥૨૧૮॥

જ્ઞાની પુરૂષ એવા પાપીઓને પણ શ્રેષ્ટ કહે છે જે પાપથી દુઃખ ભોગવતા છતા, એ દુઃખથી ભયભીત થઈ દુઃખનું મૂળ કારણ પાપને જાણી એ પાપકર્મથી ઉદાસ થાય છે, તે પ્રસંસાને યોગ્ય છે, પરંતુ પાપી જીવ પ્રસંસાને યોગ્ય નથી. પાપ તો સદા ત્યાગવારૂપ જ છે, અને વ્યવહાર નિશ્ચય ધર્મ જ આદરવા યોગ્ય છે, તે ધર્મને સુખી કે દુઃખી કોઈ ધારણ કરે તો તે બન્ને માટે હિતકારી જ છે, ॥૨૧૯॥

પોતાના શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન જે વીતરાગ પરમાનંદ સુખનો અનુભવ તેનાથી વિપરીત જે [illegible]

છે, ત્યાગવા યોગ્ય છે, કારણ તે પુણ્યથી જીવને ઈચ્છિત ભોગોની પ્રાપ્તી થાય છે, પરંતુ એ ભોગોમાં આસક્ત થવાથી નરકાદિ ગતિમાં જવુ પડે છે, ॥૨૨૦॥

હે જીવ સમ્યગ્દર્શન સન્મુખ થઈને તું મરણ પામે તો પણ શ્રેષ્ઠ છે, પરંતુ સમ્યગ્દર્શનથી વિમુખ થઈ ને પુણ્ય કરવા તે હિતકર નથી, ॥૨૨૧॥

જે સમ્યગ્દર્શન સન્મુખ થાય છે, તે અનંત સુખને પ્રાપ્ત કરે છે, અને જે જીવ સમ્યક્ત્વ રહિત છે, તે પુણ્ય કર્મ કરે તો પણ પુણ્યના ફલ રૂપ અલ્પ સુખને પામે છે, અને પુણ્ય ફલના ભોગને અંતે સંસારમાં અનંત દુઃખોને તે ભોગવે છે. ॥૨૨૨॥

જે મિથ્યાદષ્ટિ જીવ પુણ્યકર્મના ફલ રૂપે પ્રાપ્ત થયેલ ધનાદિ વૈભવ તેનાથી તેને અભિમાન થાય છે, અભિમાનથી બુદ્ધિમાં ભ્રમ થાય છે બુદ્ધિ ના ભ્રમથી અવિવેક ઉત્પન્ન થાય છે, અને અવિવેકથી, જીવ પાછો પાપ ગ્રસ્ત થાય છે, એટલા માટે જ્ઞાની જનો તે પુણ્યને તજવા યોગ્ય કહે છે, અર્થાત તેવા પુણ્ય કર્મોને ન કરો, ॥૨૨૩॥

મોક્ષાર્થી પુરૂષ વીતરાગ પરમાનંદરૂપ મોક્ષ લક્ષ્મીના સુખના અભિલાષી સંસારની સ્થિતીનો નાશ કરવા માટે તથા નિશ્ચય ઉપાયથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય ધ્યાન ના, નાશ માટે પરમ પરમે ષ્ઠિ ના ગુણોનું સ્મરણ કરે છે, તેમની આરાધના કરે છે, દાન આદિ આપે છે, [illegible] [illegible]

ણ થાય છે, જેમ ખેડુતની દૃષ્ટિ અનાજ પર હોય છે, ઘાસ ફુસ પર હોતી નથી, વિના ઈચ્છાથી સહજમાં થયેલ પુણ્ય સંસાર પરિભ્રમણનું કારણ થતું નથી, તેતો શિવપુરીના જ પાત્ર છે, ॥૨૨૪॥

પોતાના શુદ્ધાત્મ તત્ત્વની રૂચી તે જ નિશ્ચય સમ્યકત્વ તેનું કારણ તત્ત્વોની શ્રદ્ધા રૂપ વ્યવહાર સમ્યકત્વ એનું મૂળ અરિહ દેવ નિર્ગ્રંથગુરૂ તથા દયામય ધર્મ તેની જે નિંદા કરે છે, તે મિથ્યા-દૃષ્ટિ હોય છે, તે મિથ્યાત્વનું મહાપાપ બાંધે છે. એ પાપથી એ સંસારમાં ભમે છે, ॥૨૨૫॥

આ જીવ પાપના ઉદયથી નરક ગતિ તિર્યંચ ગતિને પામે છે, અને પુણ્યથી દેવગતિને પામે છે, તથા પુણ્ય અને પાપ બન્નેથી મનુષ્ય ગતિને પામે છે, તથા પુણ્ય પાપ બંનેના નાશથી નિર્વાણ એટલે મોક્ષને પ્રાપ્ત કરે છે, ॥૨૨૬॥

જેનું ચિત્ત કેવલ શુદ્ધ સ્વરૂપમાં લીન થયું છે, એવી નિર્વિકલ્પ પરમાત્મ તત્ત્વની ભાવનાના બલ વડે જોએલા જાણેલા અનુભવેલા ભોગોની વાંછારૂપ જે ભૂતકાળના રાગાદિ દોષ એનો નાશ કરવો તે નિશ્ચય પ્રતિક્રમણ વીતરાગ ચિદાનંદ શુદ્ધાત્માની અનુભૂતીની ભાવનાના બલવડે પ્રાપ્ત થવા વાળા ભોગોની વાંછારૂપ રાગાદિનો ત્યાગ તે નિશ્ચય પ્રત્યાખ્યાન, તથા નિજ શુદ્ધાત્માની પ્રાપ્તીના બલ વડે વર્તમાન ઉદયમાં આવેલ શુભાશુભ કર્મને કારણે જે હર્ષ વિષાદ આદિ અશુદ્ધ પરિણામ તેને પોતાના શુદ્ધાત્મ દ્રવ્યથી ભિન્ન કરવા, તે નિશ્ચય આલોચના [illegible]

[illegible]

જ્ઞાની કહેવાય છે, અન્યને નહિ, સારાંશ આ છે, કે પ્રથમ જ્ઞાની જીવ અશુભ ને ટાળી શુભમા પ્રવૃત્તિ કરે છે, ત્યાર પછી શુભને પણ ત્યાગી શુદ્ધમા લીન થાય છે, ॥૨૨૭॥

શુદ્ધોપયોગમાંજ મુનીપણું છે, શુદ્ધોપયોગજ દર્શન છે જ્ઞાન છે, અને શુદ્ધ ઉપયોગથી જ કર્મનો ક્ષય થઈને મોક્ષ થાય છે, અને તેજ શુદ્ધ અર્થાત રાગાદિ રહિત જે છે એમને અમારો નમસ્કાર છે, વંદન છે ॥૨૨૮॥

મિથ્યાત્વ રાગાદિ રહિત જે શુદ્ધ પરિણામ છે, તે જ આત્મ સ્વભાવ છે, અશુદ્ધ પરિણામ પોતાના નથી, શુદ્ધ ભાવને જ ધર્મ જાણી અંગીકાર કરવો, જે આત્મ ધર્મ ચાર ગતિના દુઃખરૂપ સંસારમાં પડતા આ જીવને સંસારમાથી બચાવીને આનંદ સ્થાન મોક્ષમાં લઈ જાય છે, ॥૨૨૯॥

સર્વ સંકલ્પ વિકલ્પ રહિત જીવનો જે શુદ્ધ ભાવ છે, તે નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષનો માર્ગ છે, જે મુનિ શુદ્ધાત્મ પરિણામથી ચ્યુત થાય તે કેવી રીતે મોક્ષને પામી શકે અર્થાત પામી શકતા નથી, મોક્ષનો માર્ગ એક શુદ્ધ ભાવ જ છે, મોક્ષાર્થી એ ભાવનું જ અનુકરણ કરવું, ॥૨૩૦॥

જ્યા સુધી મન વિષય કષાયાદિમા તન્મય બનેલું છે, ત્યાંસુધી જીવ ક્યાંઈ પણ જાત્રાદિમા ભ્રમણ કરે, અથવા ગમે તે આચરણ કરે, પરંતુ મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી, ચિત્ત શુદ્ધિ જ મોક્ષનું કારણ છે, ॥૨૩૧॥

શુભ પરિણામથી પુણ્ય રૂપ વ્યવહાર ધર્મ થાય છે, વિષય કષાયાદિ અશુભ પરિણામથી પાપકર્મ થાય છે, અને શુભાશુભ

ભાવ રહિત મિથ્યાત્વ રાગાદિ રહિત શુદ્ધ પરિણામ અથવા શુદ્ધ પરિણામી પુરૂપ કર્મને બાધતો નથી, ॥૨૩૨॥

આહાર ઔપધ અભય તથા શાસ્ત્ર આ ચાર પ્રકારના દાન છે, તે ચારે પ્રકારના દાન સમ્યક્ રહિત કરે તો ભોગો ને પ્રાપ્ત કરે છે. તથા સમ્યક્ સહિત દાન કરે તો પરમ્પરાથી મોક્ષને પ્રાપ્ત કરે છે. પ્રથમ અવસ્થામા દેવેન્દ્ર ચક્રવતી આદિની પદવી પ્રાપ્ત કરે છે, તો પણ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે, ॥૨૩૩॥

અનંતજ્ઞાનાદિ ગુણો સહિત તથા અઢાર દોષ રહિત જે સર્વજ્ઞ વીતરાગ દેવ છે, તેણે એમ કહ્યુ છે, કે વીત રાગ સ્વ સવેદ રૂપ સમ્યગ્જ્ઞાનથી જ મોક્ષ થાય છે, એમા સદેહ નથી, અને જે સ્વસંવેદન જ્ઞાન રહિત જીવ છે, તે ઘણા કાલ સુધી સંસારમા પરિભ્રમણ કરે છે, ॥૨૩૪॥

જેનુ ચિત્ત મલીન છે તથા સમ્યક જ્ઞાન રહિત છે, એવા અજ્ઞાની ને મોક્ષ પદ મળતુ નથી, જેમ પાણી ને મંથન કરવાથી હાથ ચીકણા થતા નથી. તેમ બાહ્ય વેશ ક્રિયા સમ્યગ્જ્ઞાન વિના મોક્ષ આપી શકતા નથી. કારણ કે વીતરાગ શુદ્ધાત્માની અનુભૂતી તે જ મોક્ષનુ મૂળ છે, ॥૨૩૫॥

સમ્યગ્જ્ઞાનથી રહિત શાસ્ત્ર જ્ઞાનથી પણ મોક્ષ પ્રાપ્ત થતો નથી કેવલ નિજ બોધ રૂપ સ્વસંવેદન જ્ઞાનથી જ મોક્ષની પ્રાપ્તી થાય છે ૨૩૬।

નિશ્ચયથી જાણવું, જ્ઞાનતો તે છે, કે, જેનાથી આકુલતા નઈ થાય, માટે બાહ્ય પદાર્થોનુ જ્ઞાન મોક્ષ પ્રાપ્તીમાં કાર્યકર નથી, ॥૨૩૭॥

જેણે રત્નને પ્રાપ્ત કરી લીધું, એને કાંચના ટુકડાની શી જરૂરત છે, એવી જ રીતે જેનુ મન આત્મમાં લીન છે તેને બીજા પદાર્થોની વાછા રહેતી નથી, ॥૨૩૮॥

વીતરાગ પરમ શુદ્ધાત્મની અનુભૂતીથી વિપરીત જે અશુદ્ધ રાગાદિ વિભાવ એનાથી ઉપાર્જન કરેલ શુભાશુભ કર્મ એના ફલને ભોગવતા થકા જે અજ્ઞાની જીવ મોહના ઉદયથી હર્ષ વિષાદના ભાવ કરે છે, તે જ નવીન કર્મને બાધે છે, ॥૨૩૯॥

નિજ શુદ્ધાત્મના જ્ઞાનના અભાવમા જે શુભાશુભ કર્મ કરેલ છે, તેના ફલને ભોગવતા છતાં પણ જે જ્ઞાની પુરૂષ રાગદ્વેષ નથી કરતા, તે નવા કર્મને બાંધતા નથી, અને પૂર્વકર્મની નિર્જરા કરે છે, એવી સવર પૂર્વકની નિર્જરાજ મોક્ષનુ મૂળ છે, ॥૨૪૦॥

જે વીતરાગ મહા આનંદ રૂપ શુદ્ધ આત્માથી રહિત પંચેન્દ્રિયોના વિષયોની મનમાં ઈચ્છા રાખે છે, મનમા થોડો અણુમાત્ર પણ રાગ રાખે છે, તે આગમ જ્ઞાનથી આત્માને શબ્દ માત્ર જાણતા થકા પણ વીતરાગ ચારિત્રની ભાવના વિના મોક્ષને પામી શકતા નથી, ॥૨૪૧॥

કર્મબંધનથી છૂટવાનું એક માત્ર કારણ આત્મજ્ઞાન જ છે, તથા શાસ્ત્રનું જ્ઞાન પણ આત્મજ્ઞાનની પ્રાપ્તી માટે જ કરવાનું છે [illegible] શુદ્ધાત્મ તત્વનો ઉપદેશ કરવાવાળા જે આ આત્મશાસ્ત્રો છે, એનાથી શુદ્ધાત્મ તત્વને જાણી અનુભવ કરી તેનો [illegible] [illegible]

સમાન છે, અને આત્મ વસ્તુ રત્ન સમાન છે, ॥૨૪૨॥

શાસ્ત્રોના અભ્યાસનુ ફલ તો તે જ છે, કે રાગાદિ વિકલ્પોને દૂર કરી નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરવું, માટે ત્રણ ગુપ્તીમાં અચલ થઈને પરમસમાધિમાં આરૂઢ થઇ નિજ સ્વરૂપનુ ધ્યાન કરવુ ॥૨૪૩॥

હે જીવ તિર્થોમાં ભ્રમણ કરવા વાળા મૂર્ખોને મુક્તિ થતી નથી, કારણ કે જ્ઞાનરહિત મુની નથી હોતા, સંસારી છે, મુનીશ્વર તો તે જ છે, કે જે સમસ્ત વિકલ્પોથીરહિત થઈને પોતાના સ્વરૂપમા રમણ કરે, અને તેજ મોક્ષના અધિકારી છે, ॥૨૪૪॥

જ્ઞાનીને પરવસ્તુમાં મમત્વ ભાવ હોતો નથી તથા મૂઢાત્મા પર વસ્તુને પરભાવોને પોતાના માને છે, તેજ જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ છે, પરને પોતાનું માને તે બંધાય છે, અને જે પરને પોતાનું નથી માનતો તે મુક્ત થાય છે, ॥૨૪૫॥

જ્ઞાની અને આજ્ઞાનીમા આજ અંતર છે, કે અજ્ઞાની મૂઢ જન અનેક પ્રકારના ધર્મ આચરણ ના બદલામા સર્વ સંસારના ભોગોની ઈચ્છા કરે છે, તપ વગેરેથી પણ સ્વર્ગ સુખને ઇચ્છે છે, તથા જ્ઞાની જે જે ધર્માચરણ કરે છે, તે સર્વ કર્મ ક્ષય કરવા માટે કરે છે, ॥૨૪૬॥

બાહ્ય સામગ્રીને ધર્મનું સાધન જાણે છે, છતાં નિશ્ચયથી તો તે મુક્તિના કારણ નથી એમ માને છે. ॥૨૪૭॥

વીતરાગ નિર્વિકલ્પ નિજાનંદ અખંડરૂપ સુખરસનો જે આસ્વાદન એ રૂપે પરિણમન જે પરમાત્માની ભાવના તેજ તીક્ષણ શસ્તા એના વડે બાહ્ય તથા અંતર પરિગ્રહની વાછા આદિ સર્વ મનોરથ એની કલ્લોલ માળાઓનો ત્યાગ રૂપ મનનુ મુંડન તે તો ન કર્યું. અને જૈનદીક્ષા રૂપ શિર (મસ્તક) મુંડન કરી વેશ ધારણ કરી સર્વ પરિગ્રહનો ત્યાગ ન કર્યો, એણે પોતાની આત્માને ઠગી છે, એવું જાણી શુદ્ધાત્મ સ્વરૂપમા સ્થિર થઈ સર્વ પરિગ્રહની વાછાનો ત્યાગ કરવો, એ પરિગ્રહ શુદ્ધાત્માની અનુભૂતીથી વીપરીત છે, ॥૨૪૮॥

જે કોઈ લાભને માટે કીર્તિ માટે પરમાત્માનુ ધ્યાન નથી કરતો તે જ મુની લોખંડના ખીલા સમાન ઇન્દ્રિયોના સુખને નિમિત્તે મુની પદ યોગ્ય શરીર રુપી દેવાલયને તથા આત્મદેવને ભવોભવની આતાપરુપ દુ:ખોમાં બાળે છે, ભસ્મ કરે છે ॥૨૪૯॥

નિર્દોષ પરમાત્માથી પરાન્મુખ જે સચીત મિશ્ર પરિગ્રહથી પોતાને મોટો માને છે, જેમ કે હું બહુ ભણેલો છું એવું જેને અભિમાન છે, તે પરમાર્થ એટલે વીતરાગ શુદ્ધાત્માને નથી જાણતો તે આત્મજ્ઞાનથી રહિત છે, એમ નિ:સંદેહ જાણો, ॥૨૫૦॥

જે પરમાર્થને નથી જાણતો તે પરિગ્રહથી તો ગુરુતા ગમાવે છે અને પરિગ્રહના અભાવમા લઘુતા માને છે, તે જ મૂઢ છે, ગુરુતા લઘુતા કર્મના આવરણથી જ જીવોમા આવેલ હોય છે, [illegible] શુદ્ધ નયથી સર્વ સમાન છે, સિદ્ધ પરમાત્મા પોતાના કેવળજ્ઞાનમા સર્વને જાણે છે, દેખે છે, [illegible] નિજ [illegible]

...દિ સર્વ જીવોને શુદ્ધરૂપે જ જાણે છે, ॥૨૫૧॥

... રત્નત્રયની આરાધના કરવા વાળા છે, એના આ ...છે. કોઈ પણ શરીરમા જીવ રહે તો પણ તે જ્ઞાની દેહના ... એટલે કર્મના કારણે ગુરુતા લઘુતા જાણી ભેદ કરે છે, ... જ્ઞાનદૃષ્ટિથી સર્વને સમાન જાણે છે, ॥૨૫૨॥

વ્યવહાર નયથી સંસાર અવસ્થામા મતિ આદિ જ્ઞાન તથા ... આદિ દર્શન જીવના લક્ષણ કહેલ છે, તોપણ નિશ્ચયનયથી ... જ્ઞાન કેવલ દર્શન જ જીવના લક્ષણ જિનેશ્વરે કહ્યા છે ... જીવો ના લક્ષણ સમાન હોવા છતા પ્રદેશ સર્વના જુદા ... છે, એટલે જીવ દ્રવ્ય અનંતા છે, એમ જાણો, ॥૨૫૩॥

વીતરાગ નિજાનંદ સ્વરુપ જે પોતાનો આત્મા એની ભાવના [illegible] ...ખ જે રાગદ્વેષ એને છોડીને, જે મહાન પુરુષ કેવલજ્ઞાન ...ન લક્ષણ યુક્ત સર્વ જીવોને સમાન માને છે, તે [illegible] સ્વભાવમા સ્થિત રહીને શીઘ્ર શિવપુરને પામે છે. ॥૨૫૪॥

જ્ઞાનદર્શન ઉપયોગ રહિત કોઈ જીવ નથી, [illegible] સર્વને સમાન જાણે છે, કર્મ જનિત દેહ [illegible] ...તા રાગદ્વેષ કરતા નથી, ॥૨૫૫॥

સમભાવ કેવો છે, તો સંસાર [illegible] સમાન છે અજ્ઞાનીઓમા સમભાવ [illegible] રાગદ્વેષ મોહનો ત્યાગ કરીને [illegible] ...ર છે એમ જાણો, ॥૨૫૬॥

આ [illegible] જીવોમા [illegible] દેખાય છે, [illegible] જ્ઞાની [illegible] [illegible] લાભ અલાભ [illegible] વીતરાગ [illegible] [illegible]

સ્વરુપને જાણે છે, જે નિજસ્વરુપ વીતરાગ સહજાનંદ એક સ્વભાવ, તથા શત્રુ મિત્ર આદિ વિકલ્પ જાળ રહિત છે, એવું પોતાનું સ્વરુપ સમતા વિના જાણી શકાતું નથી, ॥૨૫૭॥

ભાવના

આ પરમાત્મ પ્રકાશનું વાંચન કરીને મનન કરીને ભવ્ય જીવોએ આવી ભાવના કરવી જોઈએ કે હુ સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ નિર્વિકલ્પ છું, ઉદાસીન છુ, નિજાનંદ, નિરંજન, શુદ્ધાત્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ ચારિત્રમય નિશ્ચય રત્ન ત્રયમય નિર્વિકલ્પ સમાધિ દ્વારા ઉત્પન્ન વીતરાગ સહજાનંદરુપ આનંદાનુભૂતિ માત્ર જે સ્વસંવેદન જ્ઞાન એના વડે ગમ્ય છું, અન્ય ઉપાયોથી હું ગમ્ય નથી, નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનવડે જ મારી પ્રાપ્તી થાય છે, હું પૂર્ણ છું રાગદ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઈન્દ્રિયોના વિષય વ્યપાર, મન વચન શરીર, દ્રવ્ય કર્મ ભાવકર્મ નોકર્મ, ખ્યાતિ પૂજા, લાભ, દેખેલા સાભળેલા જોએલા જાણેલા તથા અનુભવેલા ભોગોની વાંછા રુપ નિદાનબંધ, માયા મિથ્યા એ ત્રણ શલ્ય ઈત્યાદિ વિભાવ પરિણામોથી રહિત સર્વ પ્રપંચોથી રહિત હું છું, ત્રણ લોક ત્રણ કાલ મનવચન શરીરથી કરવું કરાવવુ અનુમોદનથી રહિત શુદ્ધ નિશ્ચયનયથી હું આત્મા રામ એવો છું, તથા નિશ્ચયથી સર્વ જીવો એવા છે, ભવ્ય જીવોએ આ ભાવનામા લીન થવું એજ શ્રેયકર છે.

शिवमस्तु सर्व जगतः परहित रताः भवन्तु भूत गणाः।
दोषाः प्रयान्तु नाश, सर्वत्र सुखी भवन्तु लोकः ॥ १
सर्वेपि सन्तु सुखीनः सर्वे सन्तु निरामया।
सर्वे भद्राणि पश्येन्, मार्कश्चित पापमाचरेत ॥२॥

લી વિશ્વ શાન્તિ ચાહક

શુદ્ધિ પત્રક

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪	૩	ભાવે	ભાવો
૬	૪	લક્ષણોમા	લક્ષણોમા
૯	૨૦	લાવ	ભાવ
૧૧	૬	આચ્છિાદિત	આચ્છાદિત
૧૪	[illegible]	સમયગ	સમ્યગ
૧૪	૧૬	વર્જા	વર્જા
૧૫	૧૪	સમ્યક્	સમ્યગ
૧૬	[illegible]	વમ્યગ્	સમ્યગ્
૨૨	૧૩	કોઈદિવ	દિવ કોઈ
૨૦	૧	સવ	સર્વ
૨૩	૬	સમુદ્રમા	સમુદ્રમાં
૨૩	૯	રાતદિવાસ	રાત દિવસ
૨૫	૨	સમ્યગ્	સમ્યગ્
૨૫	૯	ગતિવળા	ગતિવાળા
૨૬	૧૧	ધરાદિની	ધરાદિના
૨૬	૧૧	ચિન્તવન	ચિન્તવનથી
૨૬	૧૫	ધા	તથા
૨૬	૧૬	૨૯ નું	૨૯
[illegible]	[illegible]	નિર્વિકલ્પનાને	નિર્વિકલ્પને
[illegible]	૧૯	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૮૪	૧૯	શેકે	રોકે
૪૭	૫	ઉપદેય	ઉપાદેય
૫૪	૫	શસ્તા	શસ્ત્ર શસ્ત્ર
૫૫	૧	સમ્ગ્ગ દૃષ્ટિ	સમ્યગ્ દષ્ટિ

વચનામૃતો



હે જીવાત્મા! તું પોતે પોતાની સાથે યુદ્ધ કર, લડાઈ કર, બાહ્યના યુદ્ધથી શું પ્રયોજન, પોતા દ્વારા પોતાને જીતવાથી જ આત્મીક સુખ પ્રાપ્ત થાય છે.

હે જીવાત્મા! મુશ્કેલીથી જીતી શકાય તેવા તારા અજીત શત્રુઓ તે ક્રોધ, માન, માયા લોભ, તથા પાંચ ઇન્દ્રિયો અને મન છે. એ દુર્જય શત્રુઓને જીતવાથી જ તારા સર્વ શત્રુઓ જીતાઈ જાય છે, અને આત્મા આત્મિક અખંડ અતીન્દ્રિય સુખનો ભોગતા બને છે, માટે એ અંતરંગ શત્રુઓને જીતવાનો સદા પ્રબળ પુરુષાર્થ કર, તે જ શ્રેયનો માર્ગ છે, કોઈ શુરવીર પુરુષ પોતે એકલો જ દુર્જય એવા સંગ્રામમાં હજારો લાખો માનવોને જીતે, તેના કરતા પણ તે શ્રેષ્ઠ છે કે, જે પોતાના અસંયમી આત્માને જીતી સંયમમાં સ્થિર કરે છે, પોતાના આત્માને જ વશ કરવો મુશ્કેલ, ચંચળ અને તોફાની આત્માને સન્માર્ગમાં સ્થિર કરવો દુષ્કર છે, માટે મુમુક્ષુ આત્માએ તે પ્રયત્ન કરવો જોઈએ, આત્માને વશીભૂત કરી સન્માર્ગમાં સ્થિર કરવાથી જ, આ લોક તથા પરલોકના દુઃખો દૂર થઈ આત્મિક સુખો પ્રાપ્ત થાય છે

—ઉત્તરાધ્યયન સૂત્ર—